ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[Gujarat Public Universities Act No. 15/2023]

ક્રમાંક/બીકેએનએમયુ/જોડાણ/ ૨૪૨ /૨૦૨૬ તા.૧૭/૦૮/૨૦૨૬

વિષય :- સ્વનિર્ભર સંસ્થાઓ દ્વારા પ્રતિ વર્ષ સંખ્યા વધારા અંગેની ફી નિયત થવા બાબત તેમજ ફી જમા કરાવવા અંગેની મુદત (તારીખ) વધારવા બાબત.

સંદર્ભ :- ૧) એક્ઝીક્યુટીવ કાઉન્સિલની બેઠક નં.૦૪/૨૦૨૫ના ઠરાવ ક્રમાંક:૦૪.૨૭.૦૨, તા:૦૮/૦૯/૨૦૨૫
૨) બોર્ડ ઓફ મેનેજમેન્ટની બેઠક નં.૦૬/૨૦૨૫ના ઠરાવ ક્રમાંક:૦૬.૦૨, તા:૧૦/૦૯/૨૦૨૫.
૩) અત્રેના વિભાગનો તા.૦૩/૦૭/૨૦૨૬ નો પત્ર ક્રમાંક/બીકેએનએમયુ/જોડાણ/૧૯૧/૨૦૨૬.
૪) અત્રેના વિભાગ તા.૨૦/૦૭/૨૦૨૬ની નોંધ નં.004/JODAN/001429/2026.
૫) અત્રેની યુનિવર્સિટીના તા.૧૨/૦૪/૨૦૨૪ પત્ર ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૪૮૫/૨૦૨૪.

*પરિપત્ર:-*

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ સ્વનિર્ભર કોલેજોના આચાર્યશ્રીઓ/સંચાલકશ્રીઓને જણાવવામાં આવે છે કે, ઉક્ત સંદર્ભ-(૧) અને (૨) ઉપર મળેલ મંજુરી અન્વયે સ્વનિર્ભર સંસ્થા ધ્વારા Intake પ્રતિ વર્ષ સંખ્યા વધારા અંગેની નિયત ફી જમા કરાવવા બાબતે સંદર્ભ-(૩) થી તા.૦૩/૦૭/૨૦૨૬ ના પરિપત્ર દ્વારા સંસ્થાઓને જણાવવામાં આવેલ. તેમજ અત્રેની યુનિવર્સિટીનાં ઉપરોક્ત સંદર્ભ-(૫) અનુસાર સંખ્યા વધારા માટે નિર્ધારિત ફી જમા કરવા માટે જાણ કરેલ.

જે અન્વયે યુનિવર્સિટી સંલગ્ન જુદી-જુદી સંસ્થાઓ/કોલેજોના આચાર્યશ્રીઓ/સંચાલકશ્રીઓ દ્વારા કરવામાં આવેલ રજૂઆત ધ્યાને રાખી, યુનિવર્સિટી એ લીધેલ નિર્ણય અનુસાર જે સ્વનિર્ભર કોલેજો/કેન્દ્રો/સંસ્થાઓનાં સ્નાતક/અનુસ્નાતક કક્ષાએ જે વર્ષ માટે સંખ્યા વધારો મંજુર થયેલ હોય તેવી સંસ્થાઓ/કેન્દ્રોએ તે વર્ષની સંપૂણ ફી ભરવી, એટલે કે વર્ષ ૨૦૨૫-૨૬ થી મંજૂર થયેલ હોય તેવી સંસ્થાઓએ. ત્યારબાદનાં એટલે કે શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૦૨૭ થી ક્રમશ: બેચ (મંજૂરી આપ્યાના વર્ષ ઉપરાંત ૦૨ વર્ષ) પૂર્ણ થાય ત્યાં સુધી પ્રતિવર્ષ આ સાથે સામેલ સંદર્ભ (૦૫) પરના પરિપત્રમાં દર્શાવ્યા મુજબની નિયત કરેલ ઇન્ટેક ફી ના ૫૦% અથવા વિદ્યાર્થી દીઠ ૧૦૦૦/- તે બે પૈકી જે ઓછી હોય તેટલી ફી જમા કરવા જણાવવામાં આવે છે. વર્ષ ૨૦૨૪ – ૨૫ દરમ્યાન મંજૂર થયેલ ઇન્ટેક વાળી કોલેજો/સંસ્થાઓએ ત્યારપછીનાં બે વર્ષની ઇન્ટેક ફી જમા કરાવવાની થતી નથી.

વધુમાં જે વર્ષે સંસ્થા દ્વારા સંખ્યા વધારો માંગવામાં આવશે તે સંસ્થાઓ/કોલેજોએ દર પ્રથમ વર્ષે સંદર્ભ (૫) મુજબની સંપૂર્ણ ફી અને ત્યારબાદનાં ક્રમશઃ બે વર્ષ માટે ઉપર જણાવ્યા મુજબ ઇન્ટેક ફી નાં ૫૦% અથવા વિદ્યાર્થી દીઠ ૧૦૦૦/- તે બે પૈકી જે ઓછી હોય તેટલી ફી જમા કરાવવાની રહેશે.

તેમજ વિદ્યાર્થીઓના હિતને ધ્યાને રાખીને ફી જમા કરાવવાની મુદતમાં વધારો કરવામાં આવેલ હોય જે મુજબ તા.૧૮/૦૮/૨૦૨૬ થી તા.૩૦/૦૯/૨૦૨૬ સુધીમાં સદર ફી બીનચૂક જમા કરાવવા જણાવવામાં આવે છે. તમામ સ્વનિર્ભર સંસ્થાઓએ સદર બાબતની તમામ શરતો/સૂચનાઓનું સંદર્ભ (૩) અને (૫) અનુસાર પરિપાલન કરવાનું રહેશે, જેની ખાસ નોંધ લેવા વિનંતી કરવામાં આવે છે.

કુલસચિવ

બિડાણ:

- સંદર્ભ (૩) અને સંદર્ભ (૫) ની નકલ

પ્રતિ,

૧) યુનિવર્સિટી સંલગ્ન તમામ સ્વનિર્ભર કોલેજોના આચાર્યશ્રીઓ
૨) અનુસ્નાતક કેન્દ્રોના વડાશ્રીઓ.

નકલ સાદર રવાના:

- માનનીય કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી...

સરકારી પોલીટેક્નીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જૂનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩
: www.bknmu.edu.in

Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 Fax: 0285-2681503
registrar@bknmu.edu.in

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[Gujarat Public Universities Act No. 15/2023]

ક્રમાંક/બીકેએનએમયુ/જોડાણ/ ૧૯૧ /૨૦૨૬ તા. ૦૩/૦૭/૨૦૨૬

વિષય :- સ્વનિર્ભર સંસ્થા ધ્વારા પ્રતિ વર્ષ સંખ્યા વધારા અંગેની નિયત ફી જમા કરાવવા બાબત

સંદર્ભ :- (૧) એક્ઝીક્યુટીવ કાઉન્સિલની બેઠક નં.૦૪/૨૦૨૫ના ઠરાવ ક્રમાંક:૦૪.૨૭.૦૨, તા:૦૮/૦૯/૨૦૨૫
(૨) બોર્ડ ઓફ મેનેજમેન્ટની બેઠક નં.૦૬/૨૦૨૫ના ઠરાવ ક્રમાંક:૦૬.૦૨, તા:૧૦/૦૯/૨૦૨૫

પરિપત્ર:-

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ સ્વનિર્ભર કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે ઉક્ત સંદર્ભથી ઠરાવ્યા અનુસાર વર્ષ:૨૦૨૫-૨૬માં જે કોલેજો/અનુસ્નાતક કેન્દ્રો/સંસ્થાઓની માંગણી અનુસાર સ્નાતક/અનુસ્નાતક કક્ષાએ વર્ગવધારો/સંખ્યા વધારો મંજુર થયેલ હોય તેવી સ્વનિર્ભર કોલેજો/અનુસ્નાતક કેન્દ્રો/સંસ્થાઓએ વર્ષ:૨૦૨૫-૨૬ની ડિગ્રી (ત્રણ વર્ષ)ની બેચ પૂર્ણ થાય ત્યાં સુધી પ્રતિ વર્ષ (વર્ષ:૨૦૨૫-૨૬ થી વર્ષ:૨૦૨૭-૨૮) માટે સંખ્યા વધારાની નિયત ફી જમા કરવાની રહે છે અને તે મુજબ પ્રતિ વર્ષ મેળવેલ સંખ્યા વધારા માટે ક્રમશ: આગામી ડિગ્રીના ત્રણ વર્ષ પૂર્ણ થાય ત્યાં સુધી સંખ્યા વધારા માટેની નિયત ફી જમા કરાવવાની રહે છે.(સામેલ ઇન્ટેક વધારાના પરિપત્ર અનુસારની ફી) જેમકે,

| ક્રમ | વિદ્યાર્થી પ્રવેશ મેળવેલ શૈક્ષણિક વર્ષ | સંખ્યા વધારા માટે નિયત ફી જમા કરવા અંગેનું શૈક્ષણિક વર્ષ | નિયત ફી જમા કરવા અંગેના કુલ વર્ષ |
|---|---|---|---|
| ૧. | ૨૦૨૫-૨૬ | ૨૦૨૬-૨૭ : દ્વિતીય વર્ષ<br>૨૦૨૭-૨૮ : તૃતીય વર્ષ | કુલ ત્રણ વર્ષ |
| ૨. | ૨૦૨૬-૨૭ | ૨૦૨૭-૨૮ : દ્વિતીય વર્ષ<br>૨૦૨૮-૨૯ : તૃતીય વર્ષ | કુલ ત્રણ વર્ષ |

ઉપરોક્ત મુજબ શૈક્ષણિક વર્ષ: ૨૦૨૫-૨૬માં સંખ્યા વધારો મેળવેલ સ્વનિર્ભર સંસ્થા/કોલેજોએ તા:૧૮/૦૭/૨૦૨૬, સોમવાર સુધીમાં ઓનલાઈન/ડીમાન્ડ ડ્રાફ્ટ ધ્વારા નિયત ફી જમા કરાવવાની રહેશે. નિયત સમયમર્યાદામાં ઇન્ટેક વધારા/ સંખ્યા વધારા માટેની ફી જમા નહિ કરાવનાર સંસ્થા/કોલેજ સામે નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

કુલસચિવ

બિડાણ:
(૧) અત્રેની યુનિવર્સિટીનાં પરિપત્ર ક્રમાંક:બીકેએનએમયુ/એકેડેમિક/૪૮૫/૨૦૨૪, તા. ૧૨/૦૪/૨૦૨૪

પ્રતિ,

યુનિવર્સિટી સંલગ્ન તમામ સ્વનિર્ભર કોલેજોના આચાર્યશ્રીઓ/ અનુસ્નાતક કેન્દ્રોના વડાશ્રીઓ.....

નકલ રવાના: માનનીય કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી...

સરકારી પોલીટેક્નીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩
: www.bknmu.edu.in

Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 Fax: 0285-2681503
registrar@bknmu.edu.in

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)

# BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH

[ Gujarat Public Universities Act No. 15/2023 ]

आज़ादी का अमृत महोत्सव

G20 वसुधैव कुटुम्बकम् ONE EARTH • ONE FAMILY • ONE FUTURE


---

<u>પરિપત્રઃ-</u>

**વિષયઃ વિદ્યાર્થી પ્રવેશ અંગે ઈન્ટેક(ડિવીઝન)/સંખ્યા વધારા બાબત.**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ સંલગ્ન કોલેજોનાં આચાર્યશ્રીઓ/સંચાલકશ્રીઓ/માન્ય સંસ્થાઓના વડા/અનુસ્નાતક કેન્દ્રોનાં પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓ/અનુસ્નાતક ભવનનાં અધ્યક્ષશ્રીઓને જણાવવામાં આવે છે કે, કોલેજ/સંસ્થા/અનુસ્નાતક કેન્દ્ર દ્વારા જે સ્વનિર્ભર અભ્યાસક્રમો ચાલતા હોય તેવા અભ્યાસક્રમો માટે નિયત થયેલ નીચે મુજબની ઈન્ટેક કેપેસીટી (ડિવીઝન)થી વધુ સંખ્યામાં વિદ્યાર્થીને પ્રવેશ આપી શકાશે નહિ. નિયત થયેલ મહત્તમ ડિવીઝનની મહત્તમ સંખ્યાથી વધુ પ્રવેશ આપનાર કોલેજ/સંસ્થા દંડને પાત્ર થશે તેમજ તેવી કોલેજોનાં એનરોલમેન્ટ/એનલિસ્ટમેન્ટ સ્વીકારવામાં આવશે નહિ અને તેના કારણે જે પરિસ્થિતિ ઊભી થશે તેની સંપૂર્ણ જવાબદારી જે તે સંસ્થાની રહેશે.

**સ્નાતક કક્ષાનાં અભ્યાસક્રમ (UG Course)**

| ક્રમ | અભ્યાસક્રમ | ડિવીઝન | સંખ્યા | ક્રમ | અભ્યાસક્રમ | ડિવીઝન | સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | B.A. | 1 | 130 | 7 | B.Sc.(IT) | 1 | 60 |
| 2 | B.Com. | 1 | 130 | 8 | B.Sc.(HS) | 1 | 30 |
| 3 | B.Sc. | 1 | 120 | 9 | B.R.S. | 1 | 120 |
| 4 | B.B.A. | 1 | 60 | 10 | D.M.L.T. | 1 | 60 |
| 5 | B.C.A. | 1 | 60 | 11 | P.G.D.C.A. | 1 | 60 |
| 6 | B.S.W. | 1 | 120 | 12 | LL.B. | (As Per Council) | 60/120 |
| | | | | 13 | B.A. (HS) | 1 | 130 |

**અનુસ્નાતક કક્ષાનાં અભ્યાસક્રમ (PG Course)**

| ક્રમ | અભ્યાસક્રમ | ડિવીઝન | સંખ્યા | ક્રમ | અભ્યાસક્રમ | ડિવીઝન | સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | M.Com. | 1 | 60 | 7 | M.A.(Home Science) | 1 | 60 |
| 2 | M.A. | 1 | 60 | 8 | LL.M. | 1 | 60 |
| 3 | M.Sc.(Home Science) | 1 | 60 | 9 | M.Sc.(Chemistry) | 1 | 30/40/60 |
| 4 | M.Sc.(IT & CA) | 1 | 60 | 10 | M.Sc.(Microbiology) | 1 | 20/30/60 |
| 5 | M.R.S. | 1 | 60 | | | | |
| 6 | M.S.W. | 1 | 60 | | | | |

વધુમાં શૈક્ષણિક વર્ષ:૨૦૨૪-૨૫માં વિદ્યાર્થીઓની પ્રવેશ પ્રક્રિયા ગુજરાત કોમન એડમીશન સર્વિસીસ (GCAS) પોર્ટલનાં માધ્યમથી થનાર હોય, સરકારી/ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોમાં મંજુર ડિવીઝન (ઈન્ટેક)/રાજ્ય સરકારશ્રીનાં નિયમાનુસાર વિદ્યાર્થી સંખ્યા ધ્યાને લેવામાં આવશે. સરકારી/ગ્રાન્ટ ઈન એઈડ/સ્વનિર્ભર કોલેજ/સંસ્થાઓ સંખ્યા વધારો મેળવવા ઈચ્છતા હોય તેમણે સંખ્યા વધારા માટે તા.૧૮/૦૪/૨૦૨૪ સુધીમાં યુનિવર્સિટીની પૂર્વ મંજૂરી મેળવવા માટે દરખાસ્ત કરવાની રહેશે. સ્વનિર્ભર કોલેજ/સંસ્થાએ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, માન્ય શિક્ષકો, સંભવિત વિદ્યાર્થી પ્રવેશ વગેરે ધ્યાને લઈ નીચેની વિગતે યુનિવર્સિટીમાં ફી ભરી વિદ્યાર્થી સંખ્યા વધારો મેળવી શકાશે.

**ખાસ નોંધ:-** <u>સંખ્યા વધારા માટે ભરવામાં આવેલ ફી કોઈપણ સંજોગોમાં પરત મળવા પાત્ર રહેશે નહિ. જેની ખાસ નોંધ લેવા વિનંતી.</u>

**સ્નાતક કક્ષાનાં અભ્યાસક્રમ (UG Course)**

| ક્રમ | ફેકલ્ટી | સંખ્યા વધારો ફી (One Division) | સંખ્યા વધારો ફી (Half Division) |
|---|---|---|---|
| 1 | Arts | 1,30,000/- | 65,000/- |
| 2 | Commerce | 1,30,000/- | 65,000/- |
| 3 | Science | 1,50,000/- | 75,000/- |

**ડિપ્લોમા/પીજી ડિપ્લોમા અભ્યાસક્રમ (Diploma/PG Diploma Course)**

| ક્રમ | અભ્યાસક્રમ | સંખ્યા વધારો ફી (One Division) | સંખ્યા વધારો ફી (Half Division) |
|---|---|---|---|
| 1 | DMLT | 1,30,000/- | 65,000/- |
| 2 | PGDCA | 1,30,000/- | 65,000/- |

**અનુસ્નાતક કક્ષાનાં અભ્યાસક્રમ (PG Course)**

| ક્રમ | ફેકલ્ટી | સંખ્યા વધારો ફી (One Division) | સંખ્યા વધારો ફી (Half Division) |
|---|---|---|---|
| 1 | Arts | 1,30,000/- | 65,000/- |
| 2 | Commerce | 1,30,000/- | 65,000/- |
| 3 | Science | 1,50,000/- | 75,000/- |
| 4 | MRS | 1,30,000/- | 65,000/- |
| 5 | MSW | 1,30,000/- | 65,000/- |

કા.કુલસચિવ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમીક/૪૮૫/૨૦૨૪

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, ગવર્નમેન્ટ પોલીટેકનિક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જૂનાગઢ.

તા.૧૨/૦૪/૨૦૨૪

પ્રતિ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ/પી.જી.સેન્ટરના વડાશ્રીઓ/અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તરફ....

- <u>નકલ સાદર રવાનાઃ-</u> માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવ.
- <u>નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યાવાહી અર્થેઃ-</u> આઇ.ટી.સેલ વિભાગ (વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવા અર્થે.)

---


સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ-૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫-૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫-૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 Fax: 0285-2681503

: www.bknmu.edu.in || : academic@bknmu.edu.in